પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૫ | ૭ નવેમ્બર, ૨૦૨૨, સોમવાર; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હું મારા જ રેકોર્ડ તોડવા માંગુ છું : મોદી

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વલસાડથી ચૂંટણી પ્રચારના કર્યા શ્રી ગણેશ : નરેન્દ્ર કરતા ભૂપેન્દ્રના રેકોર્ડ જોરદાર હોવા જોઈએ : રાજકારણમાં વર્ષોથી એક પેઢી ચાલ્યા કરે છે, ભાજપ સતત નવા લોકોને આગળ કરી રહી છે : વડાપ્રધાન**







અમદાવાદ, તા.૬

વિધાનસભા ચૂંટણી જાહેર થતાં જ ભાજપ ફુલ એક્શન મોડમાં આવી ગયુ છે. હવે ખુદ પ્રધાનમંત્રી મોદીએ પ્રચારની કમાન સંભાળી છે. આજે વલસાડમાં ભવ્ય રોડ શો બાદ તેમણે જનસભાને સંબોધન કર્યું. વડાપ્રધાન મોદીનો વલસાડ પ્રવાસ દક્ષિણ ગુજરાત માટે મહત્વનો ગણાય છે. ભાજપના ગઢ દક્ષિણ ગુજરાતની અહીં ૩૫ વિધાનસભા બેઠકને આ જનસભા દ્વારા ટાર્ગેટ કરવાનો પીએમ મોદીનો પ્લાન છે.

વલસાડમાં જનસભામાં પીએમ મોદીએ કહ્યું કે, એ ફોર આદિવાસી, મારા માટે આ સૌભાગ્યની પળ છે. મારી ચૂંટણીની પહેલી સભા આદિવાસી ભાઈ-બહેનોના આર્શીવાદ લઈને થઈ રહી છે. દિલ્હીમાં પણ હવે વાવડ આવે કે, ગુજરાતના લોકોએ ફરી એકવાર ભાજપની સરકાર બનાવવાનું મન બનાવી લીધું છે. જૂના બધા રેકોર્ડ તૂટશે. આ વખતે હું મારા જ રેકોર્ડ તોડવા માંગુ છું. નરેન્દ્ર કરતા ભૂપેન્દ્રના રેકોર્ડ જોરદાર હોવા જોઈએ. રાજકારણમાં વર્ષોથી એક પેઢી ચાલ્યા કરે છે. ભાજપ સતત નવા લોકોને આગળ કરી રહી છે. આ વખતે પણ ગુજરાતમાં જનતા ભાજપને વિજય વાવટો લઈને નીકળી પડી છે.

આ ચૂંટણી ભાજપ નહિ લડે, આ ચૂંટણી ન ભૂપેન્દ્ર લડે છે, ન નરેન્દ્ર લડે છે. આ ચૂંટણી તો ગુજરાતના લોકો લડે છે.

તેમણે કહ્યું કે, ગુજરાતે વિકાસના દરેક માપદંડમાં પોતાની ભૂમિકા અને સ્થાન ઉભુ કર્યું છે. અસ્થિરતામાંથી ઉભા થયેલા આપણે લોકો છીએ. વાર તહેવારે હુલ્લડ થાય, ભૂકંપમાઁથી આપણે ઉભા થયા છીએ, આ બધા પડકારોને ઝીલ્યા અને બધામાંથી રસ્તો કાઢીને આપણે ગુજરાતીઓએ ભેગા થઈને ગુજરાતને આગળ પહોંચાડ્યુ છે. ગુજરાતીઓ દુનિયામાં પોતાનું નામ રોશન કરી રહ્યાં છે. ગુજરાતના ઉદ્યમીઓ ચારેતરફ ફેલાયેલા છે. અંદરથી અવાજ નીકળે છે કે, આ ગુજરાત મેં બનાવ્યું છે. દરેક ગુજરાતીએ લોહી પરસેવો એક કરી ગુજરાત બનાવ્યું છે.

પીએમ મોદીએ સંબોધનમાં કહ્યું કે, એક સમયે અમારી આખી ટીમ ભિક્ષા માંગતી કે, તમારી દીકરીને ભણાવવાનું અમને વચન આપો. અમે આદિવાસી વિસ્તારમાં દીકરીઓને ભણાવવાનું બીડુ ઉપાડ્યું. આજે ગુજરાતની દીકરીઓ નામ રોશન કરી રહી છે. આજે આદિવાસી વિસ્તારમાં હોસ્પિટલ અને મેડિકલ કોલેજો બની છે. આજે પરિવર્તન આવ્યુ છે. આજે આદિવાસી વિસ્તારોમાં પાણી પહોંચાડાયું છે. ગુજરાતમાં વિશાળ સમુદ્રતટ છે, પરંતુ ગામડાઓ ખાલી થઈ રહ્યાં છે. માછીમારો માટે વ્યવસ્થા ઉભી કરી. હવે આપણે બંદરોનો વિકાસ કર્યો.

સંબોધનના અંતે તેમણે કહ્યું કે, ગુજરાતમાં નફરતા ફેલાવનારા લોકોને ગુજરાત ક્યારેય પસંદ કરતુ નથી. વર્ષોથી ગુજરાત વિરુદ્ધ કામ કરતી ટોળકીને હવે ગુજરાત પારખી ગઈ છે. ગુજરાતના બે બે દાયકા થયા, ગુજરાતીઓ આવા લોકોના વાતમાં ક્યારેય આવતા નથી.

## આદમપુરથી પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીની ડિપોઝિટ જપ્ત થઈ

હિસાર, તા.૬

ગુજરાત વિધાનસભા ચૂંટણી જીતવાનો દાવો કરનારી આમ આદમી પાર્ટી હરિયાણાની આદમપુર સીટ પર થયેલી પેટા ચૂંટણીમાં પોતાની ડિપોઝિટ ન બચાવી શકી અને તેની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ છે.

આપના ઉમેદવાર સતિંદર સિંહને માત્ર ૩૪૧૩ મત મળ્યા અને તે પોતાની ડિપોઝિટ બચાવી શક્યા નહીં. હાર બાદ આમ આદમી પાર્ટી હરિયાણાના પ્રભારી ડો. સુશીલ ગુપ્તાએ હાર સ્વીકાર કરતા કહ્યુ કે આમ આદમી પાર્ટી આદમપુરના મતદાતાઓના આદેશનો સ્વીકાર કરે છે. જનતાનો આદેશ થયો છે કે લોકોની વચ્ચે જઈને વદુ મહેનત કરો.

સુશીલ ગુપ્તાએ કહ્યુ કે લોકો આમ આદમી પાર્ટીને વ્યવસ્થા પરિવર્તન માટે જાણે છે, તેથી પેટાચૂંટણીની રાજકીટ લડાઈને આમ આદમી પાર્ટી

● અનુસંધાન પાન-૭ પર

## મથુરા-વૃંદાવન ઘાટ પર ૫ લાખ દીવાઓ પ્રગટાવાશે

**મથુરા-વૃંદાવનમાં દેવ દિવાળીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવશે: તમામ દીવાઓ ઘાટો પર શણગારાશે**

મથુરા, તા.૬

ઉત્તર પ્રદેશમાં ભગવાન શ્રી કૃષ્ણના શહેર મથુરા-વૃંદાવનમાં ૭ નવેમ્બરે દેવ દિવાળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. દેવ દિવાળીના દિવસે મથુરા વૃંદાવનના તમામ ઘાટોને શણગારવામાં આવી રહ્યા છે. રંગબેરંગી રોશની, દીવા અને રંગોળી દ્વારા તમામ ઘાટોને વધુ ભવ્ય અને સુંદર દેખાવ આપવામાં આવશે. આ ઘાટોને સુશોભિત કરવામાં સૌથી મોટો ફાળો દીવાઓ દ્વારા આપવામાં આવશે. આ માટે ૫ લાખ દીવા તૈયાર કરવામાં આવી રહ્યા છે અને આ તમામ દીવાઓ મથુરા-વૃંદાવનના ઘાટો પર શણગારવામાં આવશે. આ દીવાઓ જ્યારે શણગારવામાં આવશે ત્યારે યમુનાનું અલગ સ્વરૂપ જોવા મળશે.

આ અંગે પ્રશાસન દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે અને મથુરા પ્રશાસને આ અંગે બેઠક યોજી છે. દેવ દિવાળીના આ કાર્યક્રમમાં મથુરા વૃંદાવનની ધાર્મિક અને અન્ય ઘણી સંસ્થાઓ પણ સામેલ થશે, તેમજ આ કાર્યક્રમમાં ત્રણ શ્રેષ્ઠ ઘાટને ખૂબ જ ભવ્ય રીતે શણગારવામાં આવશે અને જે સંસ્થાઓ દ્વારા શણગારવામાં આવશે તેમને પણ સન્માનિત કરવામાં આવશે. આ તમામ માહિતી સાથે, મથુરાના જિલ્લા અધિકારી પુલકિત ખરેએ કલેક્ટર કચેરીના ઓડિટોરિયમમાં એક બેઠકનું આયોજન કર્યું અને તમામ સંબંધિત વિભાગોને કાર્યક્રમ સમયસર પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો.

મથુરા પ્રશાસને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કમર કસી છે, તેમજ પોલીસ દ્વારા તમામ ઘાટ પર સુરક્ષા દળો તૈનાત કરવામાં આવશે અને બોટ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે તેમજ વીજળી પણ ઉપલબ્ધ થશે.

## ૭ રાજ્યોની સાત વિધાનસભા બેઠકોમાંથી ચાર પર ભાજપની જીત

**૭ રાજ્યોની સાત વિધાનસભા સીટો પર પેટાચૂંટણી : યોજાયેલી પેટાચૂંટણીમાં એક સીટ આરજેડી, એક ઉદ્ધવ ઠાકરે જૂથ અને એક સીટ ટીઆરએસના ખાતામાં ગઈ છે**

નવી દિલ્હી, તા.૬

દેશના છ રાજ્યોની ૭ વિધાનસભા સીટો પર ૩ નવેમ્બરે યોજાયેલી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર પ્રદર્શન કર્યું છે. રવિવારે આવેલા પરિણામોમાં ભાજપે ચાર સીટો પર જીત મેળવી તો આરજેડી, ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને ટીઆરએસ એક-એક સીટ જીતવામાં સફળ રહ્યાં છે.



બિહારમાં આરજેડી તો યુપીની ગોલા ગોકર્ણનાથ સીટ પર ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું છે. લખીમપુરની ગોલા ગોકર્ણનાથ સીટ પર આ વર્ષે માર્ચમાં ભાજપના ઉમેદવાર અમન ગિરિએ સમાજવાદી પાર્ટીના ઉમેદવાર વિનય તિવારીને હરાવ્યા હતા. અહીં પર સપા અને ભાજપ વચ્ચે પ્રતિષ્ઠાની લડાઈ હતી. પેટાચૂંટણીમાં બસપા અને કોંગ્રેસે કોઈ ઉમેદવાર ઉતાર્યા નહીં. જેના કારણે મુકાબલો સપા અને ભાજપ વચ્ચે હતો.

બિહારમાં બંને વિધાનસભા સીટમાંથી મોકામા પર રાષ્ટ્રીય જનતા દળે શાનદાર પ્રદર્શન કરતા જીત મેળવી છે. તો ગોપાલગંજ પર ભાજપને જીત મળી છે. મોકામામાં આરજેડીના નીલમ દેવીએ ભાજપના સોનમ દેવીને હરાવ્યા છે. આ સીટ આરજેડી ધારાસભ્ય અનંત સિંહને અયોગ્ય ઠેરવતા ખાલી થઈ હતી. ભાજપે અહીં બાહુબલી લલ્લન સિંહની પત્નીને અનંત સિંહના પત્ની સામે ઉતાર્યા હતા. તો ગોપાલગંજમાં મુકાબલો રોમાંચક રહ્યો. આ સીટ ભાજપના ધારાસભ્યના નિધન બાદ ખાલી થઈ હતી. જ્યારે હરિયાણાના હિસારની આદમપુર સીટ પર ભવ્ય બિશ્નોએ શાનદાર જીત મેળવી છે. તેમણે કોંગ્રેસના ઉમેદવાર જય પ્રકાશને પરાજય આપ્યો છે. આ સીટ પર ઉતરેલા આમ આદમી પાર્ટીના ઉમેદવારે ડિપોઝિટ ગુમાવી છે.

મુંબઈની અંધેરી ઈસ્ટ સીટ પર શિવસેના ઉમેદવાર ઋચુજા લટકેએ જીત મેળવી છે. અહીં ભાજપે એમએનએસ પ્રમુખ રાજ

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં જૂની ડીઝલ કાર પર મૂકાયો પ્રતિબંધ

**ચલાવતા પકડાશો તો ફટકારાશે ૨૦ હજાર દંડ : BS6 સ્ટાન્ડર્ડ કરતા ઓછા ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂકાયો**

નવી દિલ્હી, તા.૬

સતત વધી રહેલા વાયુ પ્રદૂષણને કારણે દિલ્હીમાં જૂની ડીઝલ કાર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. હવે જ્યાં પણ ભ્જી૬ સ્ટાન્ડર્ડથી ઉતરતા સ્તરની કાર ચાલતી જોવા મળશે તો કાર માલિકને ૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. આ સંદર્ભે, દિલ્લીના પરિવહન વિભાગે આવા વાહન માલિકોને સંદેશ મોકલીને ચેતવણી આપી છે. ચેતવણીમાં કહ્યું છે કે, જ્યાં સુધી હવામાન સારું ન થાય ત્યાં સુધી ભૂલથી પણ આવા વાહનો લઈને રસ્તા પર ના નીકળતા. વાહનવ્યવહાર વિભાગ દ્વારા પાંચ લાખથી વધુ વાહન માલિકોને સમાન સંદેશો મોકલવામાં આવ્યો છે.

ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ, દિલ્લી તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, કોમ્પ્યુટરાઈઝ્ડ ડેટા અનુસાર, દિલ્હીમાં નોંધાયેલા તમામ વાહનોના માલિકોને ઓટોમેટિક સંદેશા મોકલવામાં આવ્યા છે. જે ભ્જી૬ ધોરણને પૂર્ણ કરતા નથી. તેમને કહેવામાં આવ્યું છે કે દિલ્લીમાં પ્રદૂષણ ભયજનક સ્તરે પહોંચી ગયું છે. આવી સ્થિતિમાં, પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે દિલ્લીની સીમામાં ભ્જી૬ સ્ટાન્ડર્ડ કરતા ઓછા ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ મેસેજમાં વિભાગે આવા વાહન માલિકોને ચેતવણી આપી છે કે જો પકડાશે તો વીસ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે દિલ્લી સરકારે દિલ્લીમાં ગ્રાફ ફોર લાગુ કરી છે. આ વ્યવસ્થા હેઠળ પ્રદૂષણ ફેલાવતી વિવિધ પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવી છે. આમાં ધુમાડો ફેલાવતી ફેક્ટરીઓથી માંડીને બાંધકામ અને જનરેટર વગેરેનો સમાવેશ થાય છે.

## રણબીર-આલિયા માતા-પિતા બન્યા : ભટ્ટ પરિવારમાં ખુશી

**ફિલ્મ અભિનેત્રી આલિયા ભટ્ટે ખાસ પ્રકારનો ફોટો શેર કરી ફેન્સને પુત્રીના જન્મની ખુશખબરી આપી છે**

મુંબઈ, તા.૬

બોલિવૂડ અભિનેતા રણબીર કપૂર અને અભિનેત્રી આલિયા ભટ્ટ માતા-પિતા બન્યા છે. આલિયા ભટ્ટે દીકરીને જન્મ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે આજે વહેલી સવારે આલિયા ભટ્ટને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. હોસ્પિટલમાં રણબીર કપૂર સિવાય આલિયા ભટ્ટની માતા સોની રાઝદાન, સાસુ નીતૂ કપૂર અને બહેન શાહીન ભટ્ટ પણ હાજર છે. આલિયાના પિતા મહેશ ભટ્ટે પણ સવારે કહ્યુ હતું કે તેઓ એક નવા સૂર્યોદયની રાહ જોઈ રહ્યા છે. આલિયાએ હવે જ્યારે દીકરીને



જન્મ આપ્યો છે તો ચોક્કસપણે કપૂર અને ભટ્ટ પરિવારમાં ખુશીનું મોજું ફરી વળ્યું હશે.

ઉલ્લેખનીય છે કે આજે સવારે લગભગ સાડા સાત વાગ્યે આલિયાને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ત્યારથી જ એવી સંભાવના વ્યક્ત થઈ રહી હતી કે દંપતી આજના દિવસમાં ગૂડ ન્યુઝ સંભળાવશે. અને આખરે જાણકારી સામે આવી છે કે આલિયા અને રણબીર દીકરીના માતા પિતા બન્યા છે. આ જ વર્ષે એપ્રિલ મહિનામાં આલિયા ભટ્ટ અને રણબીર કપૂર લગ્નના બંધનમાં બંધાયા હતા. પાછલા ઘણાં વર્ષથી તેઓ રિલેશનશિપમાં હતા.

## શ્રી વેંકટેશ્વર મંદિર દેશમાં સમૃદ્ધ મંદિરો પૈકી એક મંદિર




નવી દિલ્હી, તા.૬

દક્ષિણ ભારતમાં આવેલા શ્રી વેંકટેશ્વર મંદિરને દેશમાં સૌથી સમૃદ્ધ મંદિરો પૈકી એક ગણવામાં આવે છે અને હાલમાં તેની સંપત્તિ ૨.૨૬ લાખ કરોડની આસપાસ હોવાનો અંદાજ છે. આ મંદિરનું સંચાલન કરનાર તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમે ૧૯૩૩માં તેની સ્થાપના પછી પહેલી વખત સંપત્તિ જાહેર કરી છે.

મંદિરના ટ્રસ્ટે જણાવ્યું કે તેની પાસે સરકારી બેન્કોમાં ૧૦.૩ ટન જેટલું સોનું છે જેની કિંમત હાલના ભાવ પ્રમાણે ૫૩૦૦ કરોડ રૂપિયાથી વધારે થાય છે. આ ઉપરાંત મંદિર પાસે ૨.૫ ટન ગોલ્ડ

● અનુસંધાન પાન-૭ પર

## સેમીફાઈનલમાં ભારતનો સામનો ગ્રુપ-૧ની બીજી ટીમ ઈંગ્લેન્ડ સામે

**કોહલીના લક્કી ગ્રાઉન્ડમાં રમશે ટીમ ઈન્ડિયા : ભારત-ઈંગ્લેન્ડ ૧૦મીએ એડિલેડના મેદાન પર ટકરાશે રોહિત શર્માની સામે જોસ બટલરની ટીમનો પડકાર હશે**

મેલબોર્ન, તા.૬

આઈસીસી ટી૨૦ વિશ્વકપ ૨૦૨૨માં સેમીફાઈનલની લાઈનઅપ નક્કી થઈ ગઈ છે. ગ્રુપ-૧માંથી ન્યૂઝીલેન્ડ અને ઈંગ્લેન્ડની ટીમે સેમીફાઈનલમાં એન્ટ્રી કરી છે. જ્યારે ગ્રુપ-૨માંથી ભારત અને પાકિસ્તાનની ટીમ સેમીફાઈનલમાં પહોંચી છે. ભારતે પાંચમાંથી ચાર જીત સાથે કુલ ૮ પોઈન્ટ મેળવ્યા છે અને ટીમ ઈન્ડિયા પોતાના ગ્રુપમાં ટોપ પર રહી છે. હવે ભારત ગુરૂવારે સેમીફાઈનલ મેચ રમશે. સેમીફાઈનલ અને ફાઈનલ મુકાબલામાં જો વરસાદ આવે તો રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. આઈસીસી ટી૨૦ વિશ્વકપની પ્રથમ સેમીફાઈનલ મેચ બુધવાર,



૯ નવેમ્બરે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. આ મેચમાં ગ્રુપ-૧ની નંબર એક ટીમ ન્યૂઝીલેન્ડનો સામનો પાકિસ્તાન સામે થશે. આ મેચ ભારતીય સમયાનુસાર બપોરે ૧.૩૦ કલાકે શરૂ થશે. નોંધનીય છે કે પાકિસ્તાને આજે બાંગ્લાદેશને

● અનુસંધાન પાન-૭ પર